બીબીએ કૉલેજનાં વિદ્યાર્થીઓ વિધાનસભા સંકુલની મુલાકાતે

બજેટ સત્ર નિહાળવાની સુંદર તક મુખ્યમંત્રી સાથે વિદ્યાર્થીઓની શુભેચ્છા મુલાકાત

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર ની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બી.બી.એ) દ્વારા ગુજરાતનાં પનોતા પુત્ર તેમજ ભારતનાં જાણીતા ધારાશાસ્ત્રી તેમજ રાજકીય આગેવાન વિઠ્ઠલભાઈ પટેલ નામિત વિધાનસભા સંકુલની મુલાકાતે ગયા હતા. કાર્યક્રમમાં ગુજરાત નાં મુખ્યમંત્રી માનનીય વિજયભાઈ રૂપાણીની પ્રેરક ઉપસ્થિતિ થી વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

વિદ્યાર્થીઓ એ અત્રે ઉલ્લેખનીય છે કે બીબીએ ના વિદ્યાર્થીઓને પોલિટિકલ સાયન્સ વિષય અભ્યાસક્રમનો ભાગ છે.આથી વિધાનસભાની કાર્યવાહી તેઓને અભ્યાસમાં પણ ઉપયોગી સાબિત થશે. તેમજ વિદ્યાર્થીઓનું વૈધાનિક જ્ઞાન માં વૃદ્ધિ થશે. જાહેર જીવન તેમજ અધિકારીશ્રી ઓ નું સામંજસ્ય એડમિનિસ્ટરેશન તેમજ મેનેજમેંટ નું ઉત્તમ ઉદાહરણ વિદ્યાર્થીઓ ને શીખવા મળશે. તેમજ વિધાનસભા ગૃહ માં આવેલા તૈલચિત્રો જોઈ આપણા રાષ્ટ્રીય આગેવાનો ને વિદ્યાર્થીઓ ઓળખે અને તેમના માંથી પ્રેરણા મેળવે તેવા ઉમદા હેતુ થી સંસ્થા આવારનવાર આવા કાર્યક્રમોનું આયોજન કરતી રહે છે. સમગ્ર કાર્યક્રમ માં બી..બી..એ. કોલેજ નાં કુલ ૮૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા.

તમામ વિદ્યાર્થીઓને વિધાનસભા હોલ ખાતે એકત્રિત કરવા માં આવ્યા હતા. જ્યાં ઉપાચાર્ય ડો.જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીઓને શિસ્ત બાબતે માર્ગદર્શન આપ્યું હતું.તેમજ એ ન.એ સ.એ સ.પ્રો ગ્રા મ ઓફિસર ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા વિદ્યાર્થીઓને વૈધાનિક બાબતો તેમજ વિધાનસભાની કાર્યવાહી બાબતે ખુબ મહત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું હતું.જે તેઓને ખુબ ઉપયોગી સાબિત થશે.તેઓ ને સંસદીય બાબતો તેમજ ભારત નાં બંધારણ બાબતો ની સંપૂર્ણ માહિતી મળી શકે. જે તમામ બાબતો સરકારી પરીક્ષા માં તેમજ વિવિધ વૈધાનિક વિભાગો માં કાર્ય કરતી વખતે તેમને ઉપયોગી સાબિત થશે.

સમગ્ર મુલાકાત નું સફળતાપૂર્વક આયોજન કોલેજ નાં આચાર્ય શ્રી ડો.રમાકાંત પૃષ્ટિ,પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટી નાં હેડ શ્રી ડો.જયેશ તન્ના NSS પ્રોગ્રામ ઓફિસર ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા સફળતાપૂર્વક સંપન્ન કરવા આવ્યું હતું.

ડાયરેક્ટ ❤ સે
સફળતા માટે આત્મવિશ્વાસ જરૂરી છે... અને આત્મવિશ્વાસ માટે તૈયારી...

જન્મદિને વધામણી

ભાવનાબેન પંચાલ
લાયોનેસ ક્લબ
મો. ૯૯૭૯૦ ૩૨૨૯૬

હસમુખભાઈ વી પટેલ
કાર્યપાલક ઈજનેર
યુજીવીસીએલ,
ગાંધીનગર
ગ્રામ્ય ડિવિઝન

વ્યોમ નીતિરાજ ભારદ્વાજ
મો. ૮૯૮૦૦ ૨૨૦૭૭

વિનીત પુનમભાઈ નાયી
મો. ૯૯૨૫૭ ૮૭૬૦૬

પ્રિયાંશી પરમાર
મો. ૯૬૮૭૩ ૧૪૪૦૯

ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ અંતર્ગત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા ખાતે ખેડૂત સેમીનાર

ગાંધીનગર, તા. ૫

મહાત્મા ગાંધીજી દ્વારા સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠના શતાબ્દી વર્ષ એટલે કે ૧૦૦ વર્ષની ઉજવણી નિમિતે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા ખાતે ઉનાળુ પાકોની વૈજ્ઞાનિક તકનીકો વિષય અંતર્ગત એક ખેડૂત સેમીનાર યોજવામાં આવેલ જેમાં ગાંધીનગર જીલ્લાના કૂલ ૫ ગામોમાંથી મોટી સંખ્યામાં ખેડૂત ભાઈઓ બહેનોએ ભાગ લીધેલ. આ કાર્યક્રમમાં નિષ્ણાંતો ડો. ડી.જે.ખોસીયા અને વિનયભાઈ ગોર દ્વારા ખેડૂતોને ઉનાળુ પાકો જેવા કે મગફળી, તલ, બાજરી તેમજ શાકભાજી પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિઓ વિશે માર્ગદર્શન આપવામાં આવેલ. કાર્યક્રમના અંતે ખેડૂતોને મૂંઝવતા પ્રશ્નોનું વૈજ્ઞાનિકો સાથે ચર્ચા કરી નિવારણ લાવવામાં આવ્યું હતું.

અરિહંત સ્કૂલ ઑફ ફાર્મસી દ્વારા વુમન વીક સેલિબ્રેશન ૨૦૨૦નું આયોજન

ગાંધીનગર, તા. ૫

વુમન વીક સેલિબ્રેશન ૨૦૨૦ અંતર્ગત અરિહંત સ્કૂલ ઑફ ફાર્મસી એન્ડ બી આર આઈ દ્વારા મહિલા જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં મહિલા જાગૃતિ અભિયાનના પ્રતિનિધિ તરીકે પ્રતીક્ષા બેન શેઠ હાજર રહ્યા હતા. પ્રતીક્ષા બેને બી. ફાર્મ, એમ. ફાર્મ અને બી. એસ.સી ની તમામ વિદ્યાર્થીનીઓ તથા મહિલા ફેકલ્ટીઓને માર્કેટના વિવિધ સેનેટરી નેપકીન અને તેના ઉપયોગ વિશે માહિતી આપી હતી.

તેઓએ જણાવ્યું હતું કે WHOના રીપોર્ટ અનુસાર બેહનોને ૮૦% બીમારીઓ માર્કેટ ના હલકા સેનેટરી નેપકીન વાપરવાથી થાય છે. પ્લાસ્ટિક નેપકીન માં હવા ની અવર જવર ન થવાથી બીમારીઓ થઈ શકે છે. જેમકે લ્યૂકોરિયો, બળતરા , થાઈરોઈડ, હોર્મોન ડિસઓર્ડર, સર્વાઈકલ કેન્સર વગેરે થઈ શકે છે. તદુપરાંત પ્રતીક્ષા બેને સેનેટરી નેપકીન નષ્ટ કરવા અને આરોગ્ય રક્ષણ કેવી રીતે જાળવવું તેના વિશે પણ વિદ્યાર્થીનીઓ ને માહિતગાર કર્યા હતા.

સરસ્વતી વિદ્યાલયના વિદ્યાર્થીઓ ચિત્ર સ્પર્ધામાં ઝળક્યા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર સેકટર-૬માં આવેલી સરસ્વતી વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ચિત્ર સ્પર્ધામાં વિજેતા થઈને શાળાનું ગૌરવ વધાર્યું હતું.

સૌહાર્દ ગૃપ ગાંધીનગર પુસ્તક પરબ સેકટર-૬ શાખાના સંયુક્ત ઉપક્રમે સેકટર-૬ના બગીચામાં ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવવ્યું હતું. જેમાં સરસ્વતી વિદ્યાલયના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. બાળકોને 'પર્યાવરણ બચાવો' વિષયને અનુરુપ ચિત્ર દોરવાનું કહેવામાં આવ્યું હતું. જેમાં સરસ્વતી વિદ્યાલયના ધોરણ-૪માં અભ્યાસ કરતી રાવળ શ્રેયા સંજયકુમાર તેમજ ચૌહાણ કાવ્યા હર્ષદભાઈ, ધોરણ-૭માંથી પરમાર જિનલ રશ્મીકાંત તેમજ પટણી દેવ ગણપતભાઈ અને ધોરણ-૯માંથી પટેલ અનશ અબ્દુલ રશિદ વિજેતા થયા હતા. તેમના ઉત્સાહને વધારવા માટે આકર્ષક ઈનામો આપવામાં આવ્યા હતા.

મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા ખાતે આત્મહત્યા નિવારણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૫

બા-બાપૂ ૧૫૦ અને ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ નિમિત્તે મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરામાં બંને મહાવિદ્યાલયના ૪૫૦ વિદ્યાર્થી ભાઈ-બહેનો સાથે આત્મહત્યા નિવારણ કાર્યક્રમ યોજાયો. જેમાં માનસિક રોગોના નિષ્ણાંત ડૉ. આરતીબેન મહેતા અને ડૉ. સલીમ હિરાણી એ પ્રેઝન્ટેશન દ્વારા વિદ્યાર્થીઓ અને સેવકોને માહિતીગાર કર્યા.

સમાજકાર્ય વિભાગના અધ્યક્ષ ડૉ. આનંદીબેન પટેલે કાર્યક્રમનું આયોજન કર્યું અને સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલ એ સ્વાગત પ્રવચન કર્યું દિવ્યેશભાઈ ભટ્ટ એ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું.

ઓમ કોમ્યુનિકેશન દ્વારા શબ્દજયોતિ કાર્યક્રમમાં ગુણવંત શાહનો જન્મદિવસ ઉજવાશે

ગાંધીનગર, તા. ૫

ઓમ કૉમ્યુનિકેશન દ્વારા સાહિત્યપ્રેમીશ્રી મુકુંદ દવેના સહયોગથી તારીખ : ૧૨ માર્ચ ૨૦૨૦,ગુરુવારના રોજ,સાંજે ૫-૩૦કલાકે,રા.વિ.પાઠક સભાગૃહ,ગુજરાતી સાહિત્ય પરિષદ,ટાઈમ્સ ઓફ ઈન્ડીયાની પાછળ,આશ્રમ રોડ,અમદાવાદ ખાતે નિબંધકાર, નવલકથાકાર, ચિંતક ગુણવંત શાહના ૮૪-મા જન્મદિનપ્રસંગે 'શબ્દ જયોતિ 'સાહિત્યસફર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે સાહિત્યકારો અને સાહિત્યપ્રેમીઓ સાહિત્યકાર ગુણવંત શાહને રૂબરૂ મળી જન્મદિનની શુભેચ્છાઓ આપશે.ત્યારબાદ સાહિત્યકારશ્રી ગુણવંત શાહ પોતાનાં જીવન-કવન વિશેનું વકતવ્ય આપશે.કાર્યક્રમના અંતમાં સાહિત્યકારશ્રી ગુણવંત શાહના પરિવારજનો અને મિત્રોની ઉપસ્થિતિમાં કેક કાપીને જન્મદિનની ઉજવણી કરવામાં આવશે. આ પ્રસંગે સાહિત્યકારો અને સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહેશે.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક 'શ્વેત'કરશે.આ કાર્યક્રમને માણવા કોઈપણ પ્રકારની પ્રવેશ ફી રાખવામાં આવી નથી.

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા આઠમીએ ગદ્ય-પદ્ય પઠનનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા દર મહિનાના બીજા રવિવારે તેમની નિયમિત માસિક બેઠક યોજવામાં આવે છે.

આ વખતે આ રવિવારે વિશ્વ મહિલા દિવસ હોવાથી અને એના એક જ દિવસ બાદ રંગોનો તહેવાર ધુળેટી હોવાથી આ વખતે સાહિત્યસભા 'રંગ બરસે' અને 'મહિલાઓની મહાનતા' વિશે સ્વરચિત ગદ્ય-પદ્ય પઠનનો ઉપક્રમ રાખવામાં આવ્યો છે.

રવિવાર દિનાંક આઠના રોજ સાંજે પાંચથી સાત આ કાર્યક્રમ યુથ હોસ્ટેલ ખાતે રાખવામાં આવ્યો છે.

ગાંધીનગર સાહિત્ય સભાના સભ્યો અને સાહિત્ય પ્રેમીઓને પોતાની રચના સાથે ઉપસ્થિત રહેવા સાહિત્યસભાના અધ્યક્ષ નટવર હેડાઉ આમંત્રણ આપ્યું છે.

સ્કૂલ ઓફ અચિવર, કુડાસણમાં ઉજવાયો ભવ્ય ૧૦મો વાર્ષિકોત્સવ

ગાંધીનગર, તા. ૫

'કલર્સ ઑફ અચિવર' શીર્ષક હેઠળ સ્કૂલ ઑફ અચિવર (કુડાસણ)નો ૧૦ મો વાર્ષિકોત્સવ તા. ૦૧-૦૩-૨૦૨૦ના રોજ ગુજરાતી મીડીયમ અને તા. ૦૨-૦૩-૨૦૨૦ના રોજ ઈંગ્લીશ મીડીયમ, સાંજે ૬.૪૫ થી ૯.૪૫ના સમયગાળામાં ઉજવવામાં આવ્યો.

જેમાં બાળકોએ વર્તમાન સમયના સામાજિક પ્રશ્નો પ્રત્યે સભાનતા દાખવતા ગીતોને ડાન્સના માધ્યમથી રજૂ કરી અને સમગ્ર વાતાવરણને જીવંત અને ભાવ વિભોર બનાવી દીધું હતું.

સાથે જ સમગ્ર કાર્યક્રમનું શ્રેષ્ઠત્તમ સંચાલન પણ વિદ્યાર્થીઓ થકી જ કરવામાં આવ્યું હતું. તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ, રાષ્ટ્રીય કક્ષાએ, રાજ્યકક્ષાએ, તાલુકા કક્ષાએ, ગીનીજ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડમાં વિવિધ પ્રવૃત્તિઓમાં નામના મેળવનાર, સ્ટાર ઓફ ધ યર, જેવી વિવિધ સિદ્ધિઓ મેળવનાર બાળકોને તેમના વાલી તથા શિક્ષકોના હસ્તે એવોર્ડ આપી બિરદાવવામાં આવ્યા હતાં.